કેસ રજુ તારીખ	૦૩/૧૦/૨૦૨૫
કેસ દાખલ તારીખ	૦૩/૧૦/૨૦૨૫
કેસ ફેસલ તારીખ	૧૬/૦૫/૨૦૨૬
સમય ગાળો	**૦૦**વર્ષ **૦૭** માસ **૧૩** દિવસ

લીમખેડાના મહે. એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. લીમખેડા.

ક્રિ. કેસ નં. ૧૬૪૨/૨૦૨૫.

આંક : ૨૦

કલ્પેશભાઇ દિનેશભાઇ ગણાવા,
રહે. મુ. જુનાવડીયા, તા.લીમખેડા, જી.દાહોદ .....ફરીયાદી

વિરૂધ્ધ

ચિમનભાઇ કલ્યાભાઇ કલારા,
રહે. મુ. ઝેરજીતગઢ, બિલવાળ ફળીયુ,
તા.લીમખેડા, જી.દાહોદ ......આરોપી.

ગુન્હો :- ધી નેગોશીએબલ ઇન્સટ્રુમેન્ટ એકટની કલમ -૧૩૮ મુજબ.

ફરીયાદી તરફે :- વિ.વકીલશ્રી એ.વી.પંડયા

આરોપી તરફે :- વિ.વકીલશ્રી બી.એસ.ભાટીયા

-:: ઠરાવ ::-

(૧) આ કામના ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદી ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ -૧૩૮ અન્વયે લાવવામાં આવેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી જુનાવડીયા મુકામે રહેછે. અને

ફરીયાદી મજુરી અને મિસ્ત્રી કામના લેબરના કોન્ટ્રાકટર તરીકે કામગીરી કરે છે. આરોપી ઝેરજીતગઢ ગામના રહેવાશી છે. અને હોમગાર્ડ જવાન તરીકે ની ફરજ બજાવે છે. ફરીયાદી અને આરોપી નજીક નજીક ગામના હોવાથી અને આરોપી હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાથી અવાર નવાર જુનાવડીયા ગામે આવે છે. અને ફરીયાદી સાથે સારો પરીચય અને મિત્રતા ધરાવે છે. ફરીયાદી અને આરોપીની વચ્ચે સારા સબંધોના કારણે નાણાંકીય લેવડ દેવડ ના વ્યવહાર થવા લાગેલ. આરોપી તેમની જરૂરીયાત મુજબ ફરીયાદી પાસે નાણાં ઉછીના તરીકે લેતા હતા અને તેમનું કામ પતાવી તે પરત પણ ચુકવી આપતા હતા. આમ, ફરીયાદી અને આરોપીની વચ્ચે પરસ્પર વિશ્વાશ અને ભરોસાના અને સારા સબંધો બનેલા. આરોપીને તેમની અંગત જરૂરીયાત માટે નાણાંની જરૂરીયાત હોવાથી આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીના નાણાંની માંગણી કરેલ. આરોપીએ ફરીયાદી પાસેથી તેમની જરૂરીયાત માટે રૂ.૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરા રોકડા જાન્યુઆરી -૨૦૨૪ ના અરસામાં લીધેલ હતા. અને થોડા સમયમાં નાણાં પરત ચુકવી આપવાનો ફરીયાદીને આરોપીએ ભરોસો, વિશ્વાશ અને ખાતરી આપેલ. આરોપીએ ફરીયાદી પાસેથી તેમની જરૂરીયાત માટે મેળવેલ ઉપરોકત હાથ ઉછીના નાણાં ચુકવી આપવા માટે આરોપી કાયદેશર જવાબદાર છે. અને તે ફરીયાદીનું આરોપીની પાસે કાયદેશરનું લેણું છે. જે ચુકવી આપવા આરોપીને વારંવાર તકાદો કરતા આરોપીએ અવાર નવાર ફરીયાદીને ટુંક સમયમાં નાણાં ચુકવી આપીશ તેવા વાયદાઓ કરી સમય પસાર કરતા હતા. બાદમાં આરોપીએ ફરીયાદીને ઉપરોકત રકમ ના આરોપીના દેવા પેટે ચેક નં. ૩૩૨૭૭૩ તા.૧૬/૦૭/૨૦૨૫ ની પાકતી તારીખનો રૂ.૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરાનો સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા- ફ્રીલેન્ડગંજ, રેલ્વે કોલોની, દાહોદ શાખાનો આપેલ હતો. અને સદરહુ ચેક પાકતી તારીખે બેંકમાં દેખાડ કરવાથી ચેક સ્વીકારાઇ જશે તેવો પાકો ભરોસો વિશ્વાશ અને ખાતરી આરોપીએ ફરીયાદીને આપેલ હતી. જેથી ફરીયાદીએ બેંક ઓફ બરોડા, દુધીયા શાખાના ફરીયાદીના પોતાના ખાતમાં તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ સદરહુ ચેક જમાં કરાવેલ. જેથી ફરીયાદીની બેંકે આરોપીની બેંકને

ચેક સ્વીકારવા માટે મોકલતા '' Exceeds Arrangement '' ના શેરાવાળા મેમા સહિત ચેક ફરીયાદીને તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ પરત કરેલ. આરોપીએ તેમની બેંક સાથે થયેલ સમજુતી અનુસાર સદર ચેકની રકમ સ્વીકારી આપવા માટે કાયદેશર બંધાયેલા હોવા છતાં ચેકની રકમ જેટલી રકમ ખાતામાં નહી રાખવાથી અને અપુરતું બેલેન્સ રાખવાથી ફરીયાદીને આપેલ ચેક પરત ફરશે તેવુ જાણવા છતાં ફરીયાદીનું લેણુ ડુબાડવાના બદ ઈરાદા થી આરોપીએ ફરીયાદીને ચેક આપેલ. આ અંગે ફરીયાદીએ તા.૧૮/૦૮/૨૦૨૫ ના રોજ આરોપીને રજી. પો.એડી થી નોટીસ આપેલ. જે નોટીસ આરોપીને તા.૨૦/૦૮/૨૦૨૫ ના રોજ મળી ગયેલ છે. આરોપીએ નોટીસનો કોઇ જવાબ આપેલ નથી કે નોટીસના માંગણા મુજબ ફરીયાદીને ચેકના નાણાં ચુકવી આપેલ નથી. આરોપીએ ફરીયાદીને ચેક સ્વીકારવાનો પાકો ભરોસો અને ખાતરી આપ્યા બાદ પોતાના ખાતામાં અપુરતી રકમ જમાં રાખી ફરીયાદી સાથે વિશ્વાશઘાત કરી ચેક મેમા સાથે રીટર્ન કરી, વકીલ મારફતે નોટીસ આપ્યા બાદ નોટીસ મળવા છતાં નોટીસનો અમલ કરી જવાબ નહી આપીને કે નોટીસ હકકીતનો ઈન્કાર નહી કરીને કે નોટીસનો અમલ કરી ફરીયાદીને નાણાં ચુકવી આપેલ નથી. જેથી ફરીયાદ કરવાની જરૂર પડેલ છે. આ કામના આરોપી સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ -૧૩૮ મુજબની કાયદેશરની ફરીયાદ છે. જેથી આરોપી સામે કાયદેશરની કાર્યવાહી કરી યોગ્ય નશીયત કરવા અરજ કરેલ છે.

(૨) ફરીયાદી ધ્વારા ફરીયાદી અત્રેની કોર્ટમાં રજુ કરાવમાં આવેલ છે. ફરીયાદીની ફરીયાદ, ફોજદારી ફરીયાદ રજીસ્ટરે નોંધી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૭ મુજબ આરોપી વિરૂધ્ધ સમન્સ કાઢવાનો હુકમ કરાવમાં આવેલ છે. આરોપીને સદર કામે સમન્સ બજી જતાં, તેઓ તેમના વિ.વકીલશ્રી મારફત હાજર થયેલ છે. અને આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૩૦ મુજબ કેસ પેપર્સના કાગળોની નકલ મળી ગયેલ હોવાની ખાત્રી કરી આરોપીની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૭૪ આરોપીની આંક-૦૯ થી નામદાર

સુપ્રિમ કોર્ટના સંજાબીજ તારી ના ચુકાદામાં આપેલ ડાયરેશન મુજબ પ્લી લેતાં, આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. અને ચેક તેમના ખાતાનો હોવાનુ, સ્વીકારેલ છે. જયારે ચેકમાં તેમની સહી હોવાનો ઈન્કાર કરેલ છે. જયારે ચેક તેમણે ફરીયાદીને આપ્યો/ડીલીવર કરેલ હોવાનું સ્વીકારેલ છે. જયારે ચેક આપતી વખતે ફરીયાદી પ્રત્યે તેમની જવાબદારી હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. અને તેમણે ચેક ફકત સીકયુરીટી પેટે આપેલ હોવાનું અને ચેકનો દુરઉપયોગ થયેલ હોવાનું જણાવેલ છે. અને આ તબકકે કેસમાં કંપાઉન્ડ કરવા માંગતા નહી હોવાનું જણાવેલ છે. જેથી સદર કેસ ફરીયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

-: મૌખીક પુરાવો :-

ક્રમ	વિગત	સાહેદ	આંક
૧	કલ્પેશભાઇ દિનેશભાઇ ગણાવાનુ સોગંદનામુ	ફરીયાદી	૦૫

-: દસ્તાવેજી પુરાવો :-

ક્રમ	વિગત	આંક
૧.	આરોપી ધ્વારા ફરીયાદીને આપેલ અસલ ચેક	૧૨
૨	ચેક બેંકમાં જમાં કરાવ્યા અંગેની સ્લીપ	૧૩
૩.	ચેક રીટર્ન મેમો અસલ	૧૪
૪.	આરોપીને વકીલશ્રી મારફત આપેલ નોટીસની સ્થળપ્રત	૧૫
૫.	રજી. પોસ્ટ એ.ડી. કર્યા ની પહોંચ	૧૬
૬.	ટ્રેક કન્સાઇમેન્ટ રીપોર્ટ	૧૭

(૪) આ કામે આરોપી તરફે આરોપી કે આરોપીના વિ.વકીલશ્રી ફરીયાદીની ઉલટ તપાસ લેવા હાજર રહેતા ન હોય ફરીયાદી તરફે આંક-૧૧ થી આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો હકક બંધ કરવા આપેલ અરજી

તળે હુકમ કરી આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૧૮ થી વધુ કોઇ લેખીત કે મૌખીક પુરાવો આપવો નથી તે મતલબની કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે. અને ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ સદર કેસ આરોપીના વિશેષ નિવેદન માટે રાખવામાં આવેલ હતુ પરંતું આ કામે આરોપી હાજર રહેતા ન હોય ફરીયાદી તરફે આંક–૧૯ થી આરોપીનો એફ.એસ.નો હકક બંધ કરવા આપેલ અરજી તળે હુકમ કરી આરોપીનો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ સદર કેસની ફરીયાદીના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી, ફરીયાદીના વિ.વકીલશ્રી તેમની ફરીયાદ મુજબ રજુઆત કરતા જણાવે છે કે આ કામે અરોપીએ ફરીયાદીના કાયદેશરના લેણા પેટે ચેક આપેલ તે ચેક વણચુકવાયેલ પરત થયેલ છે. અને તે અંગે આરોપીને કાયદેશર નોટીસ આપવા છતાં આરોપી ઘ્વારા ફરીયાદીની લેણી રકમ ચુકવવામાં આવેલ નથી. ફરીયાદીએ પોતાનો કેસ પોતાના પુરાવાથી પુરવાર કરેલ છે આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસ લેવામાં આવેલ નથી. કે આરોપી તરફે કોઇ પુરાવો રજુ કરાવમાં આવેલ નથી. તેથી આરોપી તરફે નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૯ ના પ્રિઝમ્પશનનુ ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ છે. તે સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવી વધુમાં વધુ સજા કરવા અરજ કરેલ છે. આરોપી તરફે દલીલ કરવા માટે કોઇ હાજર રહેલ ન હોય આરોપીનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) સદર કેસના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થીત થાય છે.

<u>–:: મુદા ::–</u>

૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંક પણે પુરાવાર કરે છે કે, ફરીયાદીના કાયદેશરના લેણાં પેટે આરોપીએ તેમની સહી કરીને

આપેલ ચેક બેંકમાં ભરતા, ચેક પરત ફરીતા આરોપીને કાયદેશરની નોટીસ આપેલ હોવા છતાં આરોપીએ લેણાં નહી ચુકવી આરોપીએ ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાના મારા જવાબ નીચે મુજબ છે.

૧) હકારમાં

૨) આખરી હુકમ મુજબ.

<u>**નિર્ણય માટેના કારણો :–**</u>

<u>**મુદા નંબર : ૧ ની ચર્ચા**</u>

(૮) ફરીયાદી ધ્વારા હાલની ખાનગી ફરીયાદ આરોપી વિરૂધ્ધ ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ લાવવામાં આવેલ છે. તે મુજબ ફરીયાદીએ પોતાનો કેસ કોઇ પણ જાતની વ્યાજબી શંકાથી પર પુરવાર કરવો જોઇએ ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા પહેલા ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઇઓ ધ્યાને લેવી આવશ્યક જણાય છે. ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૧૮ માં વટાવખત વિશે માની લેવા અંગે જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં વિરૂધ્ધ નુ સાબિત ન થાય ત્યાં સુધી વટાવખત અવેજ માટે આપવામાં આવેલ હતો અને અવેજ માટે સ્વીકારેલ હતો તેમજ તેમજ ચેકની તારીખ વીશે, ચેકનો સ્વીકારાવાના સમય વીશે અને ધારણ કરતાએ યોગ્ય રીતે મેળવેલ હોવા વીશે માની લેવામાં આવશે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૯ માં ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવામાં આવેલ છે. જેમાં વિરૂધ્ધ ની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ –૧૩૮ માં દર્શાવ્યા મુજબના કોઇ દેવાના અથવા જવાબદારીની પુરેપુરી અથવા તેના કોઇ ભાગનો બોજો મુકત થવાના બદલામાં તે ચેક

મેળવ્યો હશે. આમ, સદર કલમમાં વણ ચુકવાયેલ ચેક પરત ફરેલ હોય તો તે ચેક કાયદેશરનુ દેવુ કે જવાબદારી અદા કરવા સારૂ આપવામાં આવેલ હતો. તેવુ અનુમાન કરવાનુ થાય છે. તેવી જ રીતે ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નિભાવતા હોય તેવા ખાતા પરનો ચેક તે ખાતામાંથી બીજી વ્યકિતને નાણાં ચુકવણી કારવા માટે બેન્કરને લખે અને આવો ચેક ચુકવણી કર્યા વગર બેન્ક પરત કરે કારણ કે તે ખાતા માંથી જમાં રકમ ચેકને સ્વીકારાવા માટે અપુરતી છે. અથવા બેન્ક સાથે સમજુતી કરેલ વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ તે રકમ કરતા વધારે છે. તો તેના માટે સજાની જોગવાઈ કરાવમાં આવેલ છે. અને સદર કલમમાં ચેક લખ્યાની તારીખથી કાયદામાં માન્ય હોય તે મુદતમાં ચેક બેન્કમાં રજુ કરવામાં આવેલ હોય અને ચેક વણ ચુકવાયેલ પરત થયાની બેન્ક તરફથી તેને માહીતી મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખીતમાં નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરેલ હોય અને આ નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી નાણા ચુકવવામાં નિષ્ફળ જાય તેના માટે સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૨ માં ફરીયાદનું કોગ્નીઝન્સ લેવા બાબતે જણાવવામાં આવેલ છે. જેમાં લેખીતમાં ફરીયાદ કરવી જોઈશે અને ફરીયાદનુ કારણ ઉપસ્થીત થયાના એક માસમાં ફરીયાદ કરવી જોઈશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

(૯) હાલના કેસમાં જોઈએ તો, ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ લેખીત સ્વરૂપમાં આપવામાં આવેલ છે. ફરીયાદીએ આરોપીને નોટીસ મોકલેલ છે. અને ફરીયાદીએ નોટીસ મોકલ્યા અંગેની રજી.એ.ડી.ની પાવતી આંક–૧૬ થી રજુ કરેલ છે. જેમાં તા.૧૮/૦૮/૨૦૨૫ ના રોજ રજી. એ.ડી. કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે. તે નોટીસ બજયા અંગેનો પોસ્ટ ખાતાનો ટ્રેક રીપોર્ટ આંક–૧૭ થી રજુ કરેલ છે. જેમાં નોટીસ મળ્યાની તારીખ ૨૦/૦૮/૨૦૨૫ જણાવવામાં આવેલ છે. તે સંજોગોમાં તા.૨૦/૦૮/૨૦૨૫

ના રોજ આરોપીને નોટીસ મળેલ છે. અને ત્યારથી ૧૫ દિવસનો સમય ગણતા તા.૦૪/૦૯/૨૦૨૫ અને ત્યાર પછી ફરીયાદ દાખલ કરવા માટે એક માસનો સમય ગણતા તા.૦૪/૧૦/૨૦૨૫ સુધીમાં ફરીયાદીએ ફરીયાદ દાખલ કરવી જોઇએ. જયારે હાલની ફરીયાદ ફરીયાદી ધ્વારા ૦૩/૧૦/૨૦૨૫ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. આ સંજોગોમાં ફરીયાદીની ફરીયાદનું કારણ ઉપસ્થીત થયાના એક માસની અંદર ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે.

(૧૦) ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ માં આરોપી ધ્વારા આપવામાં આવેલ ચેક કાયદેશરની જવાબદારી કે દેવુ અદા કરવા માટે આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવાનુ થાય છે. અને તે અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપી ઉપર નાખવામાં આવેલ છે. જો કે આરોપી ધ્વારા કોઇ પુરાવો રજુ કરીને કે સાહેદની જુબાનીથી કે દસ્તાવેજી પુરાવો રજુ કરીને જ સદર હકીકતનું ખંડન કરવુ જોઇએ તેવો કાયદાનો ઉદ્દેશ નથી. પરંતું ફરીયાદીની ઉલટ તપાસમાં પણ સદર હકકીતોનું આરોપી ખંડન કરી શકે. જયારે બતાવ પક્ષે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનોનું ખંડન કરે તે માટે બચાવ પક્ષે સદર ખંડન વ્યાજબી શંકાથી પર નહી, પરંતું પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબ પુરવાર કરવાનું રહે છે. અને બચાવ પક્ષ જયારે સદર અનુમાનનું ખંડન કરવામાં સફળ રહે ત્યારે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ કોઇપણ જાતની વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો રહે છે. અને પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ તરફ શિફટ થાય છે.

(૧૧) આ કામે ફરીયાદ પક્ષ તરફે તેમનો કેસ સાબિત કરવા માટે આંક–૦૫ થી ફરીયાદીનું પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં સરતપાસમાં તેમની ફરીયાદ મુજબની જ તમામ હકીકીતો જણાવેલ છે. બચાવ પક્ષે ફરીયાદીની ઉલટ તપાસ લેવામાં આવેલ નથી. અને આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. આમ, આરોપી

તરફે ફરીયાદી ધ્વારા તેમની સરતપાસમાં જણાવેલ કોઇપણ હકીકતને પડકારવામાં આવેલ નથી.

(૧૨) આમ, બચાવ પક્ષ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૯ માં આપવામાં આવેલ અનુમાનનું ખંડન કરવામાં સફળ થયેલ નથી. ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૯ માં આરોપી ધ્વારા આપવામાં આવેલ ચેક કાયદેશરની જવાબદારી કે દેવુ અદા કરવા માટે આપવામાં અવેલ હોવાનુ અનુમાન કરવાનું થાય છે. અને તે અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપી ઉપર નાખવામાં આવેલ છે. જો કે, આરોપી ધ્વારા કોઇ પુરાવો રજુ કરીને કે સાહેદની જુબાનીથી કે દસ્તાવેજી પુરાવો રજુ કરીને જ સદર હકીકતનું ખંડન કરવુ જોઇએ તેવો કાયદાનો ઉદૃેશ નથી. પરંતું ફરીયાદીની કે સાહેદોની ઉલટ તપાસમાં પણ સદર હકીકતનું આરોપી ખંડન કરી શકે, હાલના કેસમાં બચાવ પક્ષે ફરીયાદીની ઉલટ તપાસ લેવામાં આવેલ નથી કે કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આમ, બચાવ પક્ષ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ માં આપવામાં આવેલ અનુમાનોનું ખંડન કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ છે. તે સંજોગોમાં આરોપીએ ફરીયાદીને તેમનું કાયદેશરનું દેવુ કે જવાબદારી અદા કરવા માટે રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરાનો ચેક આપેલ હોવાનુ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૯ મુજબ અનુમાન કરવાનું થાય છે.

(૧૩) ફરીયાદીની ફરીયાદ તથા સમગ્ર પુરાવો જોતા ફરીયાદી ધ્વારા આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીના નાણા લીધેલ હોવાનુ અને કાયદેશરના લેણા પેટેની રકમ ચુકવવા માટે આરોપી ધ્વારા હાલનો ફરીયાદ વાળો ચેક ફરીયાદીને આપેલ હોવાનું જણાવેલ છે. જે ચેક આ કામે આંક–૧૨ થી રજુ કરાવમાં આવેલ છે. જે ચેક ફરીયાદી ધ્વારા પોતાની બેન્કમાં જમાં કરાવતા '' Exceeds Arrangement '' ના શેરા સાથે તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ રીટર્ન મેમો સાથે પરત ફરેલ છે. જે અંગેનો ચેક રીટર્ન મેમો આંક–૧૪ થી રજુ રાખેલ છે. જે અંગે ફરીયાદી ધ્વારા આરોપીને

તા.૧૮/૦૮/૨૦૨૫ ના રોજની લેખિતમાં નોટીસ મોકલાવેલ છે. જે નોટીસની સ્થળપ્રત આ કામે આંક-૧૫ થી રજુ રાખેલ છે. અને તે નોટીસ આરોપીને રજી. પો. એ.ડી.થી મોકલ્યા અંગેની પોસ્ટની પાવતી આંક-૧૬ થી રજુ રાખેલ છે. અને તે નોટીસી આરોપીને બજી ગયા અંગેનો પોસ્ટ ખાતાનો ટ્રેક કન્સાઇમેન્ટ રીપોર્ટ આંક-૧૭ થી રજુ રાખેલ છે. જે જોતા આરોપીને તા.૨૦/૦૮/૨૦૨૫ ના રોજ નોટીસ બજી ગયેલ છે. અને ત્યારબાદ ફરીયાદી ધ્વારા તા.૦૩/૧૦/૨૦૨૫ ના રોજ હાલની ફરીયાદ કરવામાં આવેલ છે. તે જોતા ફરીયાદી ધ્વારા ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ -૧૩૮ માં જણાવેલ તમામ જોગવાઇઓનું પાલન કરેલ હોવાનું જણાય આવે છે. અને સમય મર્યાદામાં હાલની ફરીયાદ દાખલ કરેલ હોવાનું જણાય આવે છે.

(૧૪) આમ, ઉપરોકત તમામ હકીકત અને કાયદામાં આપવામાં આવેલ અનુમાનોને ધ્યાનમાં લેતા, આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીના નાણાં રૂા.૧,૦૦,૦૦૦/- લીધેલ અને તે કાયદેશરના લેણાં પેટે અને પોતાની જવાબદારી અદા કરવા માટે આરોપીએ આંક-૧૨ વાળો ચેક આરોપી ધ્વારા આપવામાં આવેલ હોવાનું અને જે ચેક '' Exceeds Arrangement '' ના શેરા સાથે પરત થયેલ હોવાનું જણાય આવે છે. આમ, આરોપી ધ્વારા પોતાના ખાતામાં રૂા.૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરાની રકમ નહી હોવા છતા ફરીયાદીને પોતાના ખાતાનો ચેક આપી ફરીયાદીની લેણી રકમ નહી ચુકવેલ હોવાનુ જણાય આવે છે.

(૧૫) આમ, ઉપરોકત તમામ સંજોગો જોતા, આરોપી ધ્વારા તેમની જવાબદારી કે દેવુ અદા કરવા ફરીયાદીને આપવામાં આવેલ ચેક વણ ચુકવાયેલ પરત ફરેલ હોય અને તેની જાણ ફરીયાદી ધ્વારા લેખીત નોટીસથી કરવામાં આવેલ હોવા છતાં આરોપીએ સદર રકમ ફરીયાદીને ચુકવી આપેલ ન હોય તેમજ આરોપી ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ -૧૩૯ ના અનુમાનોનું ખંડન કરવામાં સંપુર્ણ પણે નિષ્ફળ ગયેલ હોય તે તમામ સંજોગો જોતા, આરોપીએ ફરીયાદીના કાયદેશરના લેણાં પેટે ચેક આપી તે

મુજબની વ્યવસ્થા કરેલ ન હોય ફરીયાદીનો ચેક વણ ચુકવાયેલ પરત ફરેલ હોય આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ હોવાનું સાબિત થયેલ હોય મુદા નં. ૧ નો જવાબ ''**હકારમાં**'' આપી મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ –૨૭૮(૨) અન્વયે આ કામના આરોપી **ચિમનભાઇ કલ્યાભાઈ કલારા,** રહે. મુ. ઝેરજીતગઢ, બિલવાળ ફળીયુ, તા.લીમખેડા, જી.દાહોદ નાઓને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શીક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૧(એક) વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરા દંડનો હુકમ કરવામાં આવે છે. આરોપી દંડ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આજરોજ આરોપી હાજર ન હોય સદર કેસનો હુકમ આરોપીની ગેરહાજરીમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૩૯૨(૭) મુજબ ફરમાવવામાં આવેલ છે. અને આરોપી વિરૂધ્ધ પકકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે. અને આરોપી મળી આવ્યેથી સજા વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ –૩૯૫(૩) મુજબ ફરીયાદવાળા ચેકની રકમ રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરા

આરોપીએ જમાં કરાવેલ હોય તો ફરીયાદીને વળતર પેટે ચુકવી આપવી.

૪) આ ચુકાદાની ખરી નકલ આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ –૪૦૪(૧) અન્વયે આરોપી મળી આવ્યેથી આરોપીને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

૫) આરોપીએ કાચા કામના કેદી તરીકે કોઇ સજા ભોગવેલ હોય તો તે સજા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ –૪૬૮ અન્વયે મજરે આપવી.

હુકમ આજરોજ તા. ૧૬ મી, માહે –મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :–૧૬/૦૫/૨૦૨૬

સ્થળ :– લીમખેડા

(મહેમુદ ઉસ્માન કુરમાની)
એડી. ચીફ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લીમખેડા.
U.Id. No. GJ01012